## DEPARTMENTAL EXAM

# Paper 4-B, Miscellaneous

**Total Marks : 100**

---

1 શિક્ષકો–વિદ્યાર્થીઓની દૈનિક ઓનલાઈન હાજરીની શરૂઆત ગુજરાતમાં કયા માસથી થઈ ?

(A) ઓગષ્ટ, ૨૦૧૮ (B) ડીસેમ્બર, ૨૦૧૮

(C) જૂન, ૨૦૧૮ (D) નવેમ્બર, ૨૦૧૮

2 ધોરણ–૨ માં સમયદાન (ઉપચારાત્મક કાર્ય માટે) ની શરૂઆત કયા માસમાં થઈ ?

(A) મે, ૨૦૧૮ (B) ફેબ્રુઆરી, ૨૦૧૮

(C) મે, ૨૦૧૯ (D) જૂન, ૨૦૧૯

3 ફેબ્રુઆરી–૨૦૧૯ માં શિક્ષણ વિભાગે કયો કાર્યક્રમ અમલમાં મૂકયો ?

(A) ધોરણ–૨ નિદાનાત્મક કસોટી (B) ૧૦૦ લક્ષિત તાલુકાની પસંદગી

(C) શિક્ષકોની ઓનલાઈન હાજરી (D) વિષય શિક્ષક પધ્ધતિ

4 ગુજરાત રાજય ADEPTS કાર્યક્રમની શરૂઆત ક્યારથી કરવામાં આવી છે ?

(A) ૧૫–૮–૨૦૦૭ (B) ૫–૯–૨૦૦૭

(C) ૧૫–૮–૨૦૦૯ (D) ૫–૯–૨૦૦૮

5 વર્ષ–૨૦૦૯–૧૦ થી શરૂ થયેલ ઈન્સ્પાયર એવોર્ડ કોના ધ્વારા શરૂ કરવામાં આવેલ છે?

(A) IIM, અમદાવાદ (B) IMA, અમદાવાદ

(C) DST, દિલ્હી (D) CEPT, અમદાવાદ

6 ક્રિયાત્મક સંશોધનના ૮ પગથિયા પૈકી પાંચમું પગથિયું કયું છે ?

(A) ઉત્કલ્પનાઓ (B) સમસ્યા પસંદગી

(C) સમસ્યા ક્ષેત્ર (D) પ્રયોગકાર્યની રૂપરેખાઓ

7 પર્ફોમન્સ ગ્રેડીંગ ઈન્ડેક્ષમાં કુલ કેટલાં સૂચક આંક છે ?

(A) ૭૦ (B) ૫૦

(C) ૭૫ (D) ૧૦૦

8 વિદ્યાર્થીને આપવામાં આવતા શાળાંત પ્રમાણપત્ર માટેનું પત્રક કયું છે ?

(A) પત્રક–E (B) પત્રક–G

(C) પત્રક–B (D) પત્રક–D

9 નીચેના પૈકી કોનો સમાવેશ જીવન કૌશલ્યમાં થતો નથી ?

(A) અસરકારક પ્રત્યયન (B) સ્વની ઓળખ

(C) પરાનુભૂતિ (D) સમય વ્યવસ્થાપન

10 શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનમાં પત્રક–E શું છે ?

(A) સર્વગ્રાહી વિકાસાત્મક સંગૃહિત પ્રગતિપત્રક

(B) રચનાત્મક મૂલ્યાંકન પત્રક

(C) વ્યકિતત્વ વિકાસપત્રક

(D) શાળાંત પ્રમાણપત્ર

11 ' નલીકલી ' કાર્યક્રમ કયા રાજયનો છે ?

(A) આંધ્રપ્રદેશ (B) તમિલનાડુ

(C) કર્ણાટક (D) રાજસ્થાન

12 ગનીથા કાલિકા આંદોલન (GKA) કયા વિષય સાથે સંકળાયેલ છે?

(A) વસ્તી નિયંત્રણ (B) સાક્ષરતા

(C) વિજ્ઞાન (D) ગણિત

13 ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતે બ્લોક નં.૧૨, પહેલા માળે કોની કચેરી આવેલી છે ?

(A) નિયામકશ્રી, નિરંતર શિક્ષણ (B) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ

(C) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ (D) નિયામકશ્રી, શાળાઓ

14 શિક્ષણ વિભાગના તા.૨૧/૯/૨૦૧૯ ના નોટિફિકેશન મુજબ ધોરણ–૫ અને ૮ માંથી કોને વર્ગ બઢતી આપી શકાય નહિ ?

(A) જે વિદ્યાર્થી બે કે તેથી વધુ વિષયમાં ૫૦ % થી ઓછા ગુણ મેળવે તેને

(B) જે વિદ્યાર્થી એક વિષયમાં ૫૦ % થી ઓછા ગુણ મેળવે તેને

(C) જે વિદ્યાર્થી એક વિષયમાં ૩૫ % થી ઓછા ગુણ મેળવે તેને

(D) જે વિદ્યાર્થી બે કે તેથી વધુ વિષયમાં ૩૫ % થી ઓછા ગુણ મેળવે તેને

15 ફેબ્રુઆરી, ૨૦૨૦માં યોજાયેલ રાજયકક્ષાનો પાંચમો એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ કયા સ્થળે યોજાયો હતો ?

(A) અમદાવાદ શહેર ડાયટ (B) અમદાવાદ ગ્રામ્ય ડાયટ

(C) કઠલાલ ડાયટ (D) ગાંધીનગર ડાયટ

16 રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ સંદર્ભે પૂર્વ પ્રાથમિક પખવાડિયાની ઉજવણીનો સમયગાળો કયો છે ?

(A) તા.૧ થી ૧૫ ડિસેમ્બર, ૨૦૨૦
(B) તા. ૯ થી ૨૩ ડિસેમ્બર, ૨૦૨૦
(C) તા. ૯ થી ૨૩ નવેમ્બર, ૨૦૨૦
(D) તા. ૧૬ થી ૩૦ નવેમ્બર, ૨૦૨૦

17 તાલુકા કક્ષાના એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટીવલ ૨૦૨૦–૨૧ માં નવતર પ્રયોગોને કેટલી કક્ષામાં વહેંચવાના છે ?

(A) બે
(B) પાંચ
(C) ત્રણ
(D) ચાર

18 વર્ષ–૨૦૨૦–૨૧ માં તાલુકા કક્ષાએ નવતર પ્રયોગો માટેની મૂલ્યાંકન સમિતિના અધ્યક્ષ કોણ છે ?

(A) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
(B) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી
(C) બી. આર. સી. કો. ઓર્ડીનેટર
(D) તાલુકાના લાયઝન ઓફિસર (ડાયેટના વ્યાખ્યાતા)

19 નીચે પૈકી કોનો સમાવેશ નવતર પ્રયોગના મૂલ્યાંકન માટેના માપદંડમાં થતો નથી ?

(A) નવતર પ્રયોગની અસરકારકતા
(B) નવતર પ્રયોગનું અધ્યયન નિષ્પત્તી સ્તર
(C) નવતર પ્રયોગની ઉપયોગીતા
(D) નવતર પ્રયોગનું વિસ્તૃતીકરણ કે વિસ્તૃતીકરણની શકયતા

20 નીચેના પૈકી ' સમગ્ર શિક્ષા ' ના પ્રોગ્રામ મોનીટરીંગ ઘટકમાં કોનો સમાવેશ થતો નથી ?

(A) U-DISE
(B) SDMIS
(C) શગુન
(D) પ્રજ્ઞા–ABL

21 નીચેના પૈકી કોનો બીઆરસી કો.ઓર્ડીનેટરની વિસ્તૃત ભૂમિકા અને જવાબદારીના મુખ્ય મુદ્દામાં સમાવેશ થતો નથી ?

(A) ડીજીટીલાઈઝેશન
(B) શાળાકીય શૈક્ષણિક સહયોગ અને સંકલન
(C) વહીવટી સહયોગ
(D) શિક્ષકોનો વિકાસ અને માર્ગદર્શન

22 સી.આર.સી–બી.આર.સી. કોઓર્ડીનેટરની અગ્રતાક્રમની મેરીટયાદી તૈયાર કરતી વખતે લેખિત પરીક્ષાના ૧૦૦ ગુણનું મેરીટ માટે કેટલા ગુણમાં રૂપાંતર કરવામાં આવે છે ?

(A) 50
(B) 60
(C) 70
(D) 75

23 એક વિદ્યાર્થીનો યુનિક ID નંબર નીચે મુજબનો છે.

241405031012011402 આ વિદ્યાર્થીના જિલ્લાનો કોડ કયો છે ?

(A) ૨૪ (B) ૧૪

(C) ૦૫ (D) ૩૧

24 ગુજરાતમાં પ્રજ્ઞા કાર્યક્રમની શરૂઆત ક્યારથી થઈ ?

(A) ઓગષ્ટ, ૨૦૦૯ (B) જૂન, ૨૦૧૧

(C) જૂન, ૨૦૦૯ (D) જૂન, ૨૦૧૦

25 ADEPTS કાર્યક્રમમાં કુલ કેટલાં પરિમાણ હતાં ?

(A) ૪ (B) ૩

(C) ૫ (D) ૬

26 ' સમગ્ર શિક્ષા ' અંતર્ગત ધો.૧ થી ૮ માં ૫૦૦ બાળકોની શાળાને ' શાળાગ્રાન્ટ ' કેટલા રૂપિયા આપવામાં આવે છે ?

(A) ૨૫,૦૦૦ (B) ૫૦,૦૦૦

(C) ૭૫,૦૦૦ (D) ૧,૦૦,૦૦૦

27 ' સબલ શાળા ' કાર્યક્રમ કયા ધોરણને લાગુ પડે છે ?

(A) ધોરણ–૧ થી ૮ (B) ધોરણ–૬ થી ૮

(C) ધોરણ–૩ થી ૮ (D) ધોરણ–૫ થી ૮

28 ૮ મી માર્ચ–૨૦૨૦ મહિલા દિન નિમિતે સરકારી શાળાઓની કન્યાઓના સ્વ–રક્ષણ તાલીમનાં ડેમોસ્ટ્રેશન કાર્યક્રમનું નામ શું રાખવામાં આવેલું ?

(A) સક્ષમ (B) સબળા

(C) મીના (D) આકાંક્ષા

29 ૫ સપ્ટેમ્બર–૨૦૨૦ ના રોજ રાજયકક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક એનાયત કરવાનો કાર્યક્રમ ક્યાં યોજાયો હતો ?

(A) ટાઉન હોલ ખાતે ગાંધીનગર (B) પ્રેક્ષા વિશ્વભારતી ખાતે ગાંધીનગર

(C) સ્વર્ણિમ સંકુલ ખાતે ગાંધીનગર (D) આ પૈકી એક પણ નહીં

30 માધ્યમિક શાળાઓમાં ' શાળા સિધ્ધિ ' કાર્યક્રમ કોની ગાઈડ લાઈન મુજબ અમલમાં મૂકવામાં આવેલ છે ?

(A) Ed. Cil (B) NCTE

(C) RIE (D) NIEPA

31 ડાયસ કોડમાંના ૧૧ અંક પૈકી છેલ્લા ત્રણ અંક શું સૂચવે છે ?

(A) કલસ્ટર કોડ (B) શાળાનો કોડ

(C) બ્લોક કોડ (D) જિલ્લાનો કોડ

32 રાજય શિક્ષણ ભવન (SIE) ને કયા વર્ષે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદમાં અપગ્રેડ કરવામાં આવ્યું?

(A) ૧૯૮૬ માં (B) ૧૯૮૮ માં

(C) ૧૯૯૧ માં (D) ૧૯૮૫ માં

33 ગુજરાત શૈક્ષણિક ટેક્નોલોજી ભવનની સ્થાપના કયારે કરવામાં આવી ?

(A) ૧૯૬૦ માં (B) ૧૯૮૮ માં

(C) ૧૯૮૪ માં (D) ૨૦૦૧ માં

34 GIET સાથે શું સંલગ્ન છે ?

(A) ' વિદ્યાયન ' (B) ' વિદ્યાભારતી '

(C) ' વિદ્યાભવન ' (D) ' વિદ્યાદર્શન '

35 રાષ્ટ્રીય ભારતીય મિલિટરી કોલેજ પ્રવેશ પરીક્ષામાં અંગ્રેજી વિષયનો ગુણભાર કેટલો છે ?

(A) ૧૦૦ ગુણ (B) ૧૨૫ ગુણ

(C) ૧૫૦ ગુણ (D) ૭૫ ગુણ

36 માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષાના વિષયો પૈકી નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?

(A) માનવસર્જિત પદાર્થ (B) ભાતચિત્ર

(C) ચિત્ર સંયોજન (D) અંક લેખન

37 રાષ્ટ્રીય પ્રતિભા શોધ કસોટીમાં શૈક્ષણિક યોગ્યતા કસોટી (SAT) નો ગુણભાર કેટલો હોય છે?

(A) ૨૫ ગુણ (B) ૭૫ ગુણ

(C) ૫૦ ગુણ (D) ૧૦૦ ગુણ

38 ગુજરાત રાજય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા બાળકો માટે કયું સામયિક બહાર પાડવામાં આવે છે ?

(A) બાળ વિશ્વ (B) બાલ સૃષ્ટિ

(C) બાળ જગત (D) બાલ વિનોદ

39 ગુજરાત રાજય શાળા પાઠયપુસ્તક મંડળના અધ્યક્ષ કોણ છે ?

(A) ડાયરેકટરશ્રી, SSA (B) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ

(C) શિક્ષણમંત્રીશ્રી (D) અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ

40 ગુજરાતમાં MDM ધો.૬ થી ૮ ના વિદ્યાર્થીને દૈનિક કેલેરી કેટલી મળી રહે છે ?

(A) ૨૫૦ ગ્રામ (B) ૫૦૦ ગ્રામ

(C) ૭૦૦ ગ્રામ (D) ૭૫૦ ગ્રામ

41 ગુજરાત સરકાર દ્વારા ધો. ૧ થી ૫ ના વિદ્યાર્થી દીઠ MDM અંતર્ગત પ્રતિ દિવસ કેટલા ગ્રામ ચોખા ફાળવવામાં આવે છે ?

(A) ૧૦૦ ગ્રામ (B) ૭૫ ગ્રામ

(C) ૨૫ ગ્રામ (D) ૫૦ ગ્રામ

42 ગુજરાત સરકાર દ્વારા MDM અંતર્ગત ધો. ૬ થી ૮ ના વિદ્યાર્થી દીઠ પ્રવર્તમાન કુકીંગ કોસ્ટ પ્રતિદિવસ કેટલા રૂપિયા નકકી કરેલ છે ?

(A) રૂા.૪.૯૭ (B) રૂા.૭.૯૭

(C) રૂા.૭.૪૫ (D) આ પૈકી એક પણ નહીં

43 પોષણ અભિયાન અંતર્ગત મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, ભારત સરકાર દ્વારા દર વર્ષે કયા માસમાં ' રાષ્ટ્રીય પોષણમાસ' ની ઉજવણી કરવામાં આવે છે?

(A) જુલાઈ (B) ઓગષ્ટ

(C) જાન્યુઆરી (D) સપ્ટેમ્બર

44 ધોરણ ૮ અને ૯ ના બાળકો માટે ' પ્રખરતા શોધ કસોટી ' કોના દ્વારા લેવામાં આવે છે ?

(A) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ

(B) રાજય પરીક્ષા બોર્ડ

(C) જી સી ઈ આર ટી

(D) સમગ્ર શિક્ષા

45 રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અન્વયે શિક્ષકો દ્વારા કોમ્યુનિકેશન મટીરીયલ્સ તૈયાર કરવાની ઓનલાઈન સ્પર્ધામાં એન્ટ્રી મોકલવાની સૂચના સપ્ટેમ્બર ૨૦ માં GCERT દ્વારા આપેલ જેમાં કઈ થીમનો સમાવેશ થતો નથી ?

(A) Early Child Care and Education : The foundation of Learning

(B) Holistic Education

(C) Teachers and teacher Education

(D) Adult Education

46 પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી દ્વારા પ્રાથમિક શિક્ષકોની પગાર માટે ઉપયોગમાં લેવાતા ઓનલાઈન પ્રોગ્રામને કયા નામે ઓળખાય છે ?

(A) SAS (B) SSA

(C) દિક્ષા (D) દષ્ટિ

47 ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં ગણિત–વિજ્ઞાન શિક્ષકની ભરતીમાં અનુસ્નાતકની લાયકાતનો ગુણભાર કેટલો છે ?

(A) 7.5 % (B) 15 %

(C) 10 % (D) 5 %

48 NEP 2020 ના સભ્ય સચિવશ્રી કોણ હતા ?

(A) શકીલા ટી. જમ્મુ (B) કે. કસ્તુરી રંગન

(C) મંજુલ ભાર્ગવ (D) વસુધા કામત

49 રાજય પરીક્ષા બોર્ડના પ્રવર્તમાન અધ્યક્ષ કોણ છે ?

(A) શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા (B) ડૉ. વિનોદ રાવ

(C) શ્રી પી. એ. જલુ (D) આ પૈકી એક પણ નહીં

50 BISAG માં ' S ' શું દર્શાવે છે ?

(A) School (B) Satellite

(C) State (D) Space

51 ' સમગ્ર શિક્ષા ' નો ધ્યેય યુએન (UN) ના કયા સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ (SDG) આધારીત છે?

(A) SDG-1 (B) SDG-2

(C) SDG-4 (D) SDG-5

52 નીચેના પૈકી ' સમગ્ર શિક્ષા ' ના મુખ્ય ઉદેશો પૈકી કોનો સમાવેશ થતો નથી ?

(A) શાળાઓનું ખાનગીકરણ

(B) વ્યાવસાયિક શિક્ષણને પ્રોત્સાહન આપવું

(C) શાળાકીય જોગવાઈઓના ન્યુનતમ ધોરણોની ખાતરી

(D) તમામ સ્તરે સમાન અને સમાવેશી શાળા શિક્ષણ

53 રાજય બાળ અધિકાર સંરક્ષણ આયોગનું ટુંકું નામ શું છે ?

(A) REPA (B) SC PCR

(C) RBASA (D) STTI

54 શિક્ષકોની કામગીરી અને વિકાસનાં મૂલ્યાંકન માટે ' ADEPTS ' જેવો અન્ય કાર્યક્રમ કયો છે ?

(A) PINDICS (B) PINCIS

(C) PINDET (D) PINCOD

55 ભારત સરકાર દ્વારા દુર્ગમ વિસ્તારની SC, ST, OBC અને લઘુમતી કન્યાઓ માટે ઓગષ્ટ–૨૦૦૪ થી કઈ યોજના અમલમાં મુકવામાં આવી ?

(A) NPEGEL (B) CWSN

(C) KGBV (D) ICDS

56 GCERT નું પુરૂં નામ શું છે ?

(A) Gujarat Council of Educational Research and Training

(B) Gujarat Council for Educational Research and Training

(C) Gujarat Council of Education Research and Training

(D) Gujarat Council for Education Research and Training

57 Teacher welfare funds scheme અંતર્ગત કાર્યવાહક સમિતિ (રાજયની) માં નીચેના પૈકી કોણ સભ્ય તરીકે રહી શકે ?

(A) રાજયના શિક્ષણ મંત્રીશ્રી (B) રાજયના મુખ્ય મંત્રીશ્રી

(C) રાજયના નાણા મંત્રીશ્રી (D) ઉપરોકત ત્રણેય

58 શિક્ષણ વિભાગના તા.૦૫/૦૯/૨૦૨૦ ના ઠરાવથી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલીકરણ માટે રચાયેલી ટાસ્ક ફોર્સમાં...

(૧) શ્રી આર.સી.રાવલ પૂર્વ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ

(૨) શ્રી વી.બી.ભેંસદડિયા (નિવૃત્ત ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૧) રાજકોટ

(૩) ડૉ. ચેતનાબેન વ્યાસ (નિવૃત્ત ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૧) રાજકોટ

(૪) શ્રી ગીજુભાઈ ભરાડ (ભરાડ વિદ્યામંદિર) રાજકોટ

(A) ક્રમ ૧, ૨ અને ૩ નો સમાવેશ થાય છે. (B) ક્રમ ૨, ૩ અને ૪ નો સમાવેશ થાય છે.

(C) ક્રમ ૧, ૨, ૪ નો સમાવેશ થાય છે. (D) તમામનો સમાવેશ થાય છે.

59 જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓની બદલી કરવાની કામગીરી શિક્ષણ વિભાગની કઈ શાખા અંતર્ગત થાય ?

(A) મ શાખા (B) બ શાખા

(C) લ શાખા (D) ગ શાખા

60 સપ્ટેમ્બર–૨૦ માં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ સંદર્ભે ૫ સપ્ટેમ્બર થી આયોજીત સંગોષ્ઠીનું નામ શું હતું ?

(A) જાગૃતિ પર્વ... (B) શિક્ષણ પર્વ...

(C) રાષ્ટ્રીય પર્વ... (D) શિક્ષક પર્વ...

61 શિક્ષણ વિભાગના તા.૨૨/૦૫/૧૫ ના ઠરાવથી જિલ્લા/તાલુકા પંચાયતના શિક્ષણ સમિતિના કેળવણી નિરીક્ષકોને કાયમી મુસાફરી ભથ્થું રૂા.૧,૨૫૦ થી વધારી કેટલું ઠરાવવામાં આવ્યું?

(A) રૂા. ૩,૧૧૪ (B) રૂા. ૨,૭૫૦

(C) રૂા. ૩,૯૫૦ (D) મુસાફરીના દિવસ દીઠ રૂા. ૧૧૩ લેખે

62 રાજયના પ્રાથમિક શિક્ષકોને સન્માનિત કરવા તાલુકા દીઠ ૨ એવોર્ડ અને જિલ્લા દીઠ ૪ એવોર્ડ એનાયત કરવાના ખર્ચને પહોંચી વળવાની ગ્રાન્ટ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓના હવાલે મુકાય છે જેનું પેટા સદર કયું હતું ?

(A) ઈડીએન–૧૦૬ કન્યા કેળવણી રથયાત્રા માટે નાણાંકીય સહાય

(B) ઈડીએન–૭૮ કન્યા કેળવણી રથયાત્રા માટે નાણાંકીય સહાય

(C) ઈડીએન–૭૮ શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક માટે નાણાંકીય સહાય

(D) ઈડીએન–૧૦૬ શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક માટે નાણાંકીય સહાય

63 સમગ્ર રાષ્ટ્રમાંથી શિક્ષકો અને આચાર્યશ્રીઓના NEP ૨૦૨૦ સંદર્ભે પ્લાન ઓફ એકશન અને નેશનલ કરીક્યુલમ ફ્રેમવર્ક તૈયાર કરવા અભિપ્રાય ઓગષ્ટ–૨૦૨૦ માં લેવામાં આવ્યા હતા. આ માટે રજીસ્ટ્રેશન કરવાની લીંક કઈ હતી ?

(A) http:// suggessionindia.mygov.in

(B) http:// nepportal.mygov.in

(C) http:// digitalindia.mygov.in

(D) http:// innovateindia.mygov.in

64 જીવન શિક્ષણ સામયિકના તંત્રી કોણ છે ?

(A) સચિવશ્રી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ

(B) નિયામકશ્રી GCERT

(C) સચિવશ્રી GCERT (D) નાયબ નિયામકશ્રી GCERT

65 રાજ્ય કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વર્ષ ૨૦૨૦ માટે ખાસ શિક્ષકોની કેટેગરી માટે સમિતિએ કેટલા શિક્ષકોને પારિતોષિક માટે પસંદ કરેલ હતા ?

(A) 1 (B) 4

(C) 2 (D) 5

66 શિક્ષણ વિભાગના તા.૪/૮/૨૦૨૦ ના ઠરાવથી RTE ધો. ૧ માં પ્રવેશ માટે કોનો સમાવેશ થાય છે ?

(૧) સરકારી આંગણવાડીમાં ભણતાં બાળકો

(૨) જે માતા પિતાને એકમાત્ર સંતાન દીકરી જ હોય તેવી દીકરી

(૩) ફરજ પર શહિદ થયેલ પોલીસ દળના જવાનના બાળકો

(૪) સજા પામેલ કેદીના બાળકો

(૫) સામાન્ય કેટેગરી (બિન અનામત વર્ગ) ના નિયત આવક મર્યાદા માં આવતા બાળકો

(A) ક્રમ ૨, ૩, ૪ અને ૫ (B) ક્રમ ૧, ૨, ૪ અને ૫

(C) ક્રમ ૧, ૨, ૩ અને ૪ (D) ક્રમ ૧, ૨, ૩ અને ૫

67 ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા હાલમાં શૈક્ષણિક મોનીટરીંગ માટે રાજય કક્ષાએ કયું સેન્ટર કાર્યરત છે ?

(A) ABC (B) SAS

(C) CCC (D) ACB

68 સન–૨૦૧૩ માં યોજાયેલ ગુણોત્સવ અંતર્ગત કયું સત્ય છે ?

(A) ધો. ૨ થી ૭ આવરી લેવામાં આવેલ.

(B) શૈક્ષણિક ભારાંક ૬૦ % અને સંસાધનોનો ઉપયોગનો ભારાંક ૨૦ % અને સહ અભ્યાસિક પ્રવૃતિઓનો ભારાંક ૨૦ % હતો.

(C) ધો.૬ થી ૮ માં મૌખિક પ્રશ્નોત્તરી ધ્વારા મૂલ્યાંકન કરવામાં આવેલ.

(D) ધો.૬ થી ૮ માં ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજીનું જ મૂલ્યાંકન કરવામાં આવેલ.

69 ટેક્નોલોજીના વિવિધ સાધનોની મદદ થી શીખવા–શીખવવાની પ્રક્રિયા અને વર્ગખંડ ઈન્ટરેકિટવિટીમાં અભિવૃધ્ધિ કરતો કયો કાર્યક્રમ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક શાળાઓમાં હાલ અમલમાં છે ?

(A) ICT Lab (B) જ્ઞાનકુંજ

(C) પ્રજ્ઞા (D) DELL-LAB

70 ' વિદ્યા લક્ષ્મી બોન્ડ ' અંતર્ગત નીચેના પૈકી કયું વિધાન સુસંગત છે ?

૧ ૫૦ ટકા થી ઓછી સાક્ષરતાવાળા ગામની કન્યાને આપવામાં આવે છે.

૨ ધો. ૧ માં પ્રવેશ મેળવનાર કન્યાઓને રૂા.૨,૦૦૦/– નો બોંડ આપવામાં આવે છે.

૩ શહેરી વિસ્તાર માટે BPL પરિવારની કન્યાને આપવામાં આવે છે.

(A) ઉપરોકત તમામ (B) એક પણ નહીં

(C) માત્ર ૧ (D) માત્ર ૨ અને ૩

71 વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થી કે જે વિજ્ઞાન અને ટેક્નોલોજીના સંશોધન માટે જ કાર્ય કરવા ઈચ્છતાં હોય તેઓને કઈ યોજનાનો લાભ મળે છે ?

(A) એન. ટી. એસ. ઈ.
(B) એન. એમ. એમ. એસ.
(C) ઈન્સ્પાયર ઈન્ટર્નશીપ
(D) વિદ્યાર્થી પહેલ યોજના

72 IITE, ગાંધીનગરના પ્રવર્તમાન કુલપતિ કોણ છે ?

(A) ડૉ. કમલેષ જોષીપુરા
(B) ડૉ. જગદીશભાઈ ભાવસાર
(C) શ્રી હર્ષદભાઈ શાહ
(D) ડૉ. હર્ષદભાઈ પટેલ

73 સાક્ષર ભારત મિશન અંતર્ગત કઈ ઉંમરના લોકોને સાક્ષર કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવેલ છે ?

(A) ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના
(B) ૧૬ વર્ષ કે તેથી વધુ ઉંમરના
(C) ૧૫ વર્ષ કે તેથી વધુ ઉંમરના
(D) ૨૧ વર્ષ કે તેથી વધુ ઉંમરના

74 નેશનલ મેરીટ કમ મિન્સ (NMMS) પરીક્ષા સંદર્ભે નીચે પૈકી કયું વિધાન સાચું નથી ?

(A) આ પરીક્ષામાં પાસ થનાર વિદ્યાર્થીને વાર્ષિક ૧૨,૦૦૦ રૂા. શિષ્યવૃતિ મળે છે.
(B) આ શિષ્યવૃતિ રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આપવામાં આવે છે.
(C) આ શિષ્યવૃતિ ભારત સરકાર દ્વારા આપવામાં આવે છે.
(D) આ શિષ્યવૃતિ ધોરણ ૯ થી ૧૨ સુધી આપવામાં આવે છે.

75 કયા કર્મચારી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીના તાબા હેઠળ આવતા નથી ?

(A) નાયબ ચીટનીશ
(B) કેળવણી નિરીક્ષક
(C) નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
(D) ઓડિટર ગ્રુપ–૧

76 શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) ના સંદર્ભમાં નીચે પૈકી કયું વિધાન સાચું નથી ?

(A) શાળા વ્યવસ્થાપન સમિતિમાં ૭૫ % સભ્યો શાળામાં અભ્યાસ કરતાં બાળકોના વાલી છે.
(B) શાળા વ્યવસ્થાપન સમિતિમાં ૫૦ % મહિલા સભ્ય હોય છે.
(C) શાળા વ્યવસ્થાપન સમિતિના અધ્યક્ષની પસંદગી વાલી સભ્યોમાંથી કરવામાં આવે છે.
(D) શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્ય સચિવ તરીકે સી. આર. સી. કો. ઓર્ડીનેટર કામગીરી કરે છે.

77 સરકારી પ્રાથમિક શાળામાં મુખ્ય શિક્ષક થવા હાલ કઈ પરીક્ષા પાસ કરવાની જોગવાઈ છે ?

(A) TET
(B) HTAT
(C) HMAT
(D) PTAT

78 સ્કૂલ ઈન્સ્પેક્ટર્સની પસંદગીમાં નીચે પૈકી કઈ કેડર લેવામાં આવેલ નથી ?

(A) સી. આર. સી. કો. ઓર્ડીનેટર
(B) બી. આર. સી. કો. ઓર્ડીનેટર
(C) કેળવણી નિરીક્ષક
(D) ઉપરના તમામ

79 પ્રતિનિયુકિતથી સી. આર. સી. થવા કોણ દરખાસ્ત કરી શકે ?

(A) ધો. ૧ અને ૨ નો શિક્ષક (B) Bsc Bed થયેલ ધો.૬ થી ૮ નો શિક્ષક

(C) HTAT મુખ્ય શિક્ષક (D) કેળવણી નિરીક્ષક

80 પ્રત્યેક જિલ્લામાં ' જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ' ની કલ્પના કોણે કરી ?

(A) નેશનલ કમીશન ઓન ટીચર્સ (૧૯૮૩) (B) રાષ્ટ્રીય શિક્ષણનીતિ (૧૯૮૬)

(C) રાષ્ટ્રીય શિક્ષણનીતિ (૧૯૮૧) (D) આચાર્ય રામમૂર્તિ સમીક્ષા સમિતિ (૧૯૯૦)

81 રાષ્ટ્રીય અભ્યાસક્રમના માળખાનું પુર્નઃગઠન કરવા માટે રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદની કાર્યવાહક સમિતિની કઈ તારીખની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો ?

(A) તા.૧૯/૦૭/૨૦૦૪ (B) તા.૧૯/૦૯/૨૦૦૪

(C) તા.૧૯/૦૭/૨૦૦૫ (D) તા.૧૯/૦૯/૨૦૦૫

82 સંશોધિત રાષ્ટ્રીય અભ્યાસક્રમના દસ્તાવેજનો આરંભ રવિન્દ્રનાથ ટાગોરના કયા નિબંધના એક ઉધ્વરણ થી થાય છે ?

(A) શોધખોળ (B) સભ્યતા અને પ્રગતિ

(C) ગગન વિહાર (D) ગંગાજળ

83 નીચેના પૈકી કોનો સમાવેશ NCF અંતર્ગત અભ્યાસક્રમ નિર્માણના ચાર નિર્દેશક સિધ્ધાંતો પૈકી થતો નથી ?

(A) જ્ઞાનને શાળાની બહારના જીવન સાથે જોડવું

(B) સુનિશ્ચિત કરવું કે શિક્ષણ ગોખણપટ્ટી આધારિત પધ્ધતિઓનો ત્યાગ કરે

(C) પરીક્ષાઓને વધારે લચીલી બનાવી તેમને કક્ષાની ગતિવિધિઓ સાથે જોડવી

(D) અભ્યાસક્રમ પાઠ્ય પુસ્તક કેન્દ્રિત હોય

84 NCF –૨૦૦૫ માં ' પાઠ્યક્રમ વિભાજન, શિક્ષણ સ્તર અને મૂલ્યાંકન ' કયો અધ્યાય છે ?

(A) અધ્યાય–૨ (B) અધ્યાય–૩

(C) અધ્યાય–૪ (D) અધ્યાય–૫

85 પાઠ્યચર્યામાં વિસ્તાર કરીને તેમાં જ્ઞાન, કાર્ય અને શિલ્પની વિભિન્ન પરંપરાઓની સમૃધ્ધ વિરાસતને સામેલ કરવી પણ જરૂરી છે આ વાતથી આપણને કોણ અવગત કરાવે છે ?

(A) પી. આર. આઈ. (B) યુ. ઈ. ઈ.

(C) એન. પી. ઈ. (D) ઈ. સી. સી. ઈ

86 સંવિધાનના ૭૩ માં સંશોધનમાં પંચાયતોને શિક્ષણ સહિત કુલ કેટલા વિષયો આપવામાં આવે તેવી ભલામણ કરવામાં આવી છે ?

(A) ૨૯ (B) ૩૦

(C) ૨૮ (D) ૨૬

87 ' પ્રશિક્ષણાર્થીમાં સ્વ વિકાસ અને સ્વતંત્ર ચિંતનનો વિકાસ થઈ શકે તેવા કાર્યક્રમો પર જોર દેવું જોઈએ ' એવું કોના દ્વારા કહેવામાં આવ્યું છે ?

(A) કોઠારી કમિશન (B) યશપાલ સમિતિ

(C) ચટ્ટોપાધ્યાય સમિતિ (D) ત્રણેય પૈકી એક પણ નહી

88 " લોકતાંત્રિક નાગરિકમાં સાચાને ખોટાથી જુદું પાડવાની, પ્રચારના તથ્ય અલગ કરવાની, ધર્માંધતા અને પૂર્વાગ્રહોના ખતરનાક આકર્ષણનો અસ્વીકાર કરવાની સમજ અને બૌધ્ધિક ક્ષમતા હોવી જોઈએ ' – કોનું વિધાન છે ?

(A) કોઠારી કમિશન (B) માધ્યમિક શિક્ષણ આયોગ

(C) મુદલિયાર કમિશન (D) હંટર કમિશન

89 સામાજિક ખાઈને લાંઘવાના અહમ ઓજાર તરીકે કોને જોવામાં આવી રહ્યું છે ?

(A) સૂચના અને સંપ્રેષણ તકનીક (B) વૈજ્ઞાનિક શોધો

(C) ઈન્ટરનેટ (D) ત્રણેય પૈકી એક પણ નહીં

90 ' ભીડ ભર્યા વર્ગોમાં સૃજનાત્મક શિક્ષણની બધી વાતો તેનું મહત્વ ખોઈ દે છે. ' આવું કોના દ્વારા કહેવામાં આવ્યું છે ?

(A) માધ્યમિક શિક્ષણ આયોગ (B) ચટ્ટોપાધ્યાય કમિશન

(C) કોઠારી કમિશન (D) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૧૯૮૬

91 સ્વર્ગીય શ્રી જે. પી. નાયકે વર્ણવેલ ' દુગ્રાહય ત્રિકોણ ' માં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?

(A) સમાનતા (B) પરિણામ

(C) પરિમાણ (D) ગુણવત્તા

92 NCFTE –અંતર્ગત અભ્યાસક્રમ ક્ષેત્ર–હ એટલે...

(A) શાળા ઈન્ટર્નશીપ (B) અભ્યાસક્રમ અને અધ્યાપન શૈલી

(C) શિક્ષણનો પાયો (D) જ્ઞાન અને અભ્યાસક્રમ

93 શિક્ષક–પ્રશિક્ષણના સંદર્ભમાં પાંચ વર્ષના સંયુકત અભ્યાસક્રમ અને ઈન્ટર્નશીપની ભલામણ કોના દ્વારા કરવામાં આવી ?

(A) નેશનલ પોલીસી ઓન એજ્યુકેશન (B) નેશનલ કમિશન ઓન ટીચર્સ

(C) રાષ્ટ્રીય સલાહકાર સમિતિ (D) ફેર–વિચારણા સમિતિ

94 શિક્ષક–પ્રશિક્ષણના અભ્યાસક્રમના ક્ષેત્રો પૈકી ' શિક્ષણનો પાયો ' ક્ષેત્રમાં નીચેનામાંથી શેનો સમાવેશ થતો નથી ?

(A) શિક્ષાર્થીનો અભ્યાસ (B) સમકાલીન અભ્યાસ

(C) અધ્યયન પધ્ધતિઓનો અભ્યાસ (D) શિક્ષણની વિદ્યાશાખાનો અભ્યાસ

95 અભ્યાસક્રમ અને મૂલ્યાંકનની પ્રક્રિયા નક્કી કરવામાં નીચેની કઈ બાબતો પર ભાર મુકવામાં આવ્યો છે ?

(A) પૂર્ણ શારીરિક અને માનસિક વિકાસ (B) શોધ અને સંશોધન દ્વારા શિક્ષણ

(C) માતૃભાષા જ અભ્યાસનું માધ્યમ (D) ઉપરના તમામ

96 જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ કયા વર્ષમાં યોજવામાં આવ્યો ?

(A) ૨૦૦૨ (B) ૧૯૮૬

(C) ૧૯૯૫ (D) ૧૯૯૨

97 અભ્યાસક્રમ અને અધ્યાપન શૈલી અંતર્ગત નીચેનામાંથી શેનો સમાવેશ થતો નથી ?

(A) આકારણ અને મૂલ્યાંકન પધ્ધતિઓ (B) ભાષા સજજતા

(C) વાતચીતની આવડત (D) જ્ઞાન અને મૂલ્યોના હેતુઓ

98 વર્ગખંડ આધારિત સંશોધનના પ્લેટફોર્મ તરીકે કોને જોવામાં આવે છે ?

(A) અધ્યાપન–અધ્યયન કેન્દ્ર (B) શાળાને

(C) યુનિવર્સિટીના સંશોધન વિભાગો (D) શિક્ષકને

99 પ્રાથમિક ગણિત તાલીમ મોડેલ કોના દ્વારા નિર્મિત છે ?

(A) ઈગ્નુ (B) સર્વ શિક્ષા અભિયાન

(C) ડાયટ (D) આઈ. એ. એસ. ઈ. ની સંસ્થાઓ

100 શિક્ષક–પ્રશિક્ષણ માટે રાષ્ટ્રસ્તરીય અભ્યાસક્રમના માળખાનું પ્રકરણ–૩ એટલે...

(A) પ્રારંભિક શિક્ષક તૈયાર કરવા માટેના અભ્યાસક્રમના ક્ષેત્રો

(B) અભ્યાસક્રમનો અમલ અને વિકસતા શિક્ષકનું મૂલ્યાંકન

(C) પ્રશિક્ષકો તૈયાર કરવા

(D) અમલ માટેના વ્યુહ

## ROUGH WORK

## ROUGH WORK